# લાલચમાં આવ્યા અને ખાતું સાફ!

**‘SBIમાંથી** જાનવી બોલું છું’ કહી યુવતીએ યુવકને ફોન કર્યો

**પોલિસીના** બહાને ઝઘડિયાના યુવક સાથે રૂ.7.80 લાખની ઠગાઈ



ઝઘડિયા: ઝઘડિયા પંથકમાં SBIની પોલિસીનું બહાનું આપી એક યુવક સાથે રૂ.7.80 લાખની ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઝઘડિયા GIDCની કંપનીમાં ઓફિસ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા નવનીતભાઈ ચંપકભાઈ વસાવાને ગત જુલાઈ મહિનામાં એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર ‘જાનવી’ નામની યુવતીએ પોતાને SBI બ્રાન્ચમાંથી બોલતી હોવાનું જણાવી પોલિસીના ૨ લાખ ભરવા પર બોનસ અને કમિશન સાથે ૨.૬૪ લાખ પરત મળશે તેવી લાલચ આપી હતી.

ઠગબાજોની વાતોમાં આવી જઈને નવનીતભાઈએ ગૂગલ-પે મારફતે બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં કટકે-કટકે કુલ ૨ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારબાદ પણ સાયબર ઠગોએ વધુ ૫.૮૦ લાખની માંગણી કરી નવું ખાતું ખોલાવવા માટે દબાણ કર્યું હતું. યુવકે નવું ખાતું ખોલાવવાની ના પાડી પોતાનાં નાણાં પરત માંગતા સામે પક્ષેથી ફોન કાપી નાંખવામાં આવ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ નવનીતભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. આ અંગે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ અને ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં રૂ.7.80 લાખની છેતરપિંડી બદલ ૩ અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ઠગાઈથી બચવા માટે શું કરવું

**અજાણ્યા ફોન કોલ પર અવિશ્વાસ:** કોઈપણ વ્યક્તિ બેંક કે વીમા કંપનીના નામે ફોન કરીને પોલિસી, બોનસ, કમિશન કે પેન્શનની મોટી લાલચ આપે તો તેની વાતોમાં આવવું નહીં. બેંક કે વીમા કંપની ક્યારેય ફોન પર નાણાં ટ્રાન્સફર કરવાનું કહેતી નથી.

**બેંક એકાઉન્ટ વિગતોની ખરાઈ:** અજાણી વ્યક્તિ દ્વારા વોટ્સએપ કે એસએમએસ પર મોકલવામાં આવેલા ખાનગી કે યુપીઆઈ એકાઉન્ટ નંબરમાં ક્યારેય પૈસા ટ્રાન્સફર ન કરવા. કોઈપણ ચૂકવણી કરતા પહેલા બેંકની અધિકૃત શાખાનો સીધો સંપર્ક કરવો.

**ગોપનીય માહિતી શેર ન કરવી:** તમારા બેંક એકાઉન્ટની વિગતો, પિન (PIN), ઓટીપી (OTP), કે સીવીવી (CVV) નંબર ક્યારેય પણ કોઈ અજાણી વ્યક્તિ સાથે શેર ન કરવો.

**અજાણી લિંક કે એપથી દૂર રહેવું:** એસએમએસ કે વોટ્સએપ પર આવેલી અજાણી લિંક પર ક્લિક ન કરવું તેમજ કોઈના કહેવાથી મોબાઈલમાં અનધિકૃત કે શંકાસ્પદ એપ્લિકેશન (APK Files/AnyDesk/TeamViewer) ઇન્સ્ટોલ ન કરવી.

**ઈમરજન્સીમાં સાયબર હેલ્પલાઈનનો સંપર્ક:** જો તમારી સાથે કોઈ સાયબર ફ્રોડ થાય, તો તુરંત જ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર કોલ કરી ફરિયાદ નોંધાવવી.

# અંકલેશ્વરમાં શાક માર્કેટ પાસે લારી અને પાથરણાં હટાવાયાં

**ટ્રાફિક** અને ગંદકી દૂર કરવા પાલિકાની કડક કાર્યવાહી



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકાએ શાક માર્કેટ પાસેના ત્રણ મુખ્ય રસ્તાઓ પર ગંદકી અને ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે કાર્યવાહી હાથ ધરી છે. પાલિકાની ટીમે લારીઓ અને પાથરણાવાળાનાં દબાણો હટાવ્યાં હતાં.

અંકલેશ્વર શહેરના મુખ્ય ત્રણ રસ્તા નજીક શાકમાર્કેટ આવેલું છે. તેના કારણે મુખ્ય માર્ગ પર ભારે ટ્રાફિક અને ગંદકીની સમસ્યા સર્જાતી હતી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને નગરપાલિકાએ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. ગુરુવારે નગરપાલિકાના ઈનચાર્જ ચીફ ઓફિસર હરીશ અગ્રવાલની હાજરીમાં પાલિકાની ટીમે કાર્યવાહી કરી હતી. ટીમે ગંદકી અને ટ્રાફિકને અડચણરૂપ લારીવાળા અને છૂટક શાકભાજી વેચતા પાથરણાવાળાને હટાવ્યા હતા. કેટલાક પાથરણાવાળાને પાલિકા દ્વારા ફાળવવામાં આવેલી જગ્યાએ બેસાડવામાં આવ્યા હતા. જોકે, લારી અને પાથરણાવાળાએ તેમની રોજીરોટી છીનવાઈ જવાની આશંકા વ્યક્ત કરી ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરી છે.

## આયર્લેન્ડમાં રૂમ ભાડે આપવાના બહાને વ્યારાની યુવતી સાથે ઠગાઈ

**યુવતીએ** Ireland Buddy નામના વોટ્સએપ ગ્રુપમાં રિક્વેસ્ટ મૂકી હતી

**રાજ** શાહે પૈસા ભરો તો રહેવા માટે રૂમની સગવડ કરવાનું કહી 1.23 લાખ પડાવી લીધા

વ્યારા: આયર્લેન્ડમાં રૂમ ભાડે આપવાના બહાને વ્યારાની યુવતી સાથે રૂપિયા 1.23 લાખની ઠગાઈ થવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ કાકરાપાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વ્યારાના અણુમાલાની રહેવાસી હેના ચૌહાણ નામની યુવતી આયર્લેન્ડ જવાની હોવાથી તેણે રહેવા માટે તા.6-9-2026ના રોજ Ireland Buddy નામના વોટ્સએપ ગ્રુપમાં રિક્વેસ્ટ મૂકી હતી. દરમિયાન રાજ શાહ નામના શખ્સે તેનો સંપર્ક કરી પોતે પણ ત્યાં રહેતો હોવાનું તેમજ ત્યાં પિતાની પ્રોપર્ટી હોવાનું જણાવી પૈસા ભરો તો રહેવા માટે રૂમની સગવડ કરવાનું કહી રાજ શાહ નામના શખ્સે એગ્રીમેન્ટ અને ડિપોઝિટ પેટે યુવતી પાસે બે ટુકડામાં કુલ રૂ.1,23,075 ગૂગલ-પે તથા ક્યુઆર કોડ મારફતે ટ્રાન્સફર કરાવી અને ત્યારબાદ યુવતીને ખોટું એગ્રીમેન્ટ મોકલી આપ્યું હતું. જે બાદ યુવતીએ આયર્લેન્ડ પહોંચી સરનામે તપાસ કરતાં ત્યાં આ નામે કોઈ પ્રોપર્ટી ન હોવાનું જાણવા મળતાં પોતે છેતરાઈ હોવાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે યુવતીએ પોતાની માતાને ફોન કરી જાણ કરતાં યુવતીની માતાએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન 1930 પર કોલ કરી ફરિયાદ કરી હતી. જે મામલે કાકરાપાર પોલીસે તા.9-9-2026ના રોજ છેતરપિંડીનો ભોગ બનેલી યુવતીનાં 51 વર્ષીય માતા ઉર્વશી ચૌહાણની ફરિયાદ નોંધી રાજ શાહ નામના અજાણ્યા સાયબર ઠગ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અંકલેશ્વરમાં વેપારીના બેંક એકાઉન્ટમાંથી રૂ.6.40 લાખ બારોબાર ઉપડી જતાં પોલીસ ફરિયાદ


**ઠગે** ઇન્ટરનેટ બેંકિંગમાં ગેરકાયદે પ્રવેશ કરી નાણાં અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધાં

ભરૂચ: અંકલેશ્વરના વેપારી સાથે 6 લાખ 40 હજાર રૂપિયાની સાયબર ઠગાઈનો બનાવ સામે આવ્યો છે. ઇન્ટરનેટ બેંકિંગમાંથી અજાણ્યા ઇસમ દ્વારા અસલ ઓળખ છુપાવીને બેંક એકાઉન્ટમાં પ્રવેશ મેળવી આ રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ અંગે ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

મૂળ સૌરાષ્ટ્રનાં અને હાલ અંકલેશ્વર GIDCમાં સિધ્ધ સરગમ સોસાયટીમાં રહેતા જયેશકુમાર ગોપાલભાઈ દેસાઈ (ઉં.વ.42) અંકલેશ્વર GIDC ખાતેના તેમના પાંચ મિત્રો સાથે પાર્ટનરશિપના વેપાર કરે છે. તેઓ ICICI બેંક, અંકલેશ્વર GIDC ખાતે UNITY RMC SOLUTIONS નામથી ખોલાવેલા જોઇન્ટ કરન્ટ બેંક એકાઉન્ટ નંબર 777705810701 તથા HDFC બેંક, અંકલેશ્વર GIDC ખાતે VARACHHA RMC નામથી ખોલાવેલા જોઇન્ટ કરન્ટ બેંક એકાઉન્ટ નંબર 99909081810701માંથી આ નાણાં ઉપાડ્યાં હતાં. ગત તા.22/8/2026ના રોજ સાંજે 19:30થી 20:05 વચ્ચે ઘટના બની હતી. અજાણ્યા ઇસમે ઇન્ટરનેટ બેંકિંગનો ગમે તે રીતે ઉપયોગ કરીને, તેઓની જાણ બહાર, પોતાની અસલ ઓળખ છતી ન થાય તે રીતે એક્સેસ મેળવ્યો હતો. બાદ કુલ રૂપિયા 6,40,000 Bank of India ના બેંક એકાઉન્ટ નંબર 429110110010854 (IFSC: BKID0004291)માં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તે તમામ નાણાં તે જ બેંક એકાઉન્ટમાંથી અન્ય અલગ-અલગ બેંકોનાં એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યાં હતાં.

આ બનાવ અંગે તેઓએ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર 1930 પર કોલ કરી અરજી રજિસ્ટર કરાવી હતી. NCCRP પોટલ પર Acknowledgement No. 31108260198430થી ચેક કરતાં આ હકીકત સામે આવી હતી. ફરિયાદીએ જણાવ્યું કે, તેમણે કંપનીના ભાગીદારોને આ ટ્રાન્ઝેક્શન બાબતે પૂછપરછ કરતા તેમણે પણ આ ટ્રાન્ઝેક્શન કરેલ ન હોવાની કે પોતાના મોબાઇલ ફોનમાં કોઈ અજાણી લિંક કે APK કે અન્ય એપ્લિકેશન ઇન્સ્ટોલ કરી ન હોવાની હકીકત જણાવી હતી. આ બાબતે તેમણે સાયબર ક્રાઈમમાં રૂ.6.40 લાખની સાયબર છેતરપિંડી થતાં ધી ઇ-ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## અંકલેશ્વરમાં એક્સપાયરી સામાન વેચતા દુકાનદાર સામે કાર્યવાહી



અંકલેશ્વર: અંકલેશ્વરના સાગબારા ફાટક પાસે નાયરા પેટ્રોલ પંપ સામે આવેલી એક કરિયાણાની દુકાનમાં એક્સપાયરી થયેલો ખાદ્ય સામાન વેચાતો હોવાની માહિતી મળી હતી. આ માહિતીના આધારે ફૂડ એન્ડ સેફ્ટી વિભાગની ટીમે કાર્યવાહી કરી હતી. વિભાગની ટીમે દુકાનમાં તપાસ કરતા મુદત પૂર્ણ થયેલો ખાદ્ય સામાન મળી આવ્યો હતો. આથી દુકાનદાર સામે કાર્યવાહી કરવામાં આવી હતી. 4 કિલો ફરસાણ, 3 કિલો આંબલી, 800 ગ્રામ ખજૂર, 1.700 કિલો સીંગ અને 10 પાઉચ ઈન્દોરી પાન સહિતનો એક્સપાયરી થયેલો માલ જપ્ત કર્યો હતો. આ તમામ માલનો નાશ કરવામાં આવ્યો હતો.

## ભરૂચમાં શિક્ષક દિન નિમિત્તે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ભરૂચ: શિક્ષક દિન નિમિત્તે ભરૂચમાં મુન્શી મનુબરવાલા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ (MMMCT) અને વલી ચેરીટેબલ ટ્રસ્ટ (VCT)ના ઉપક્રમે એક ખાસ મેડિકલ ઈનબોડી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય હેતુ શિક્ષકો અને સ્ટાફના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો. આ આરોગ્ય કેમ્પ મુન્શી ટ્રસ્ટ, VCT ટ્રસ્ટ અને ઓક્ટેન ફિટ સિટી, ભરૂચના સહયોગથી યોજાયો હતો, જેમાં સંકુલના લગભગ 450 શિક્ષક અને સ્ટાફમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન ઈનબોડી મશીનની મદદથી શરીરનું વજન, બોડી ફેટ, મસ્ક્યુલર માસ અને બોડી વોટર જેવા સ્વાસ્થ્ય સંબંધિત મહત્ત્વના માપદંડોની તપાસ કરવામાં આવી હતી.



## આમોદમાં વરસાદ ખેંચાતાં ઊભો પાક સુકાવાની ભીતિ

**ખેડૂતોની** મહેનત અને ખેતી પાછળ કરેલો ખર્ચ પાણીમાં જવાની દહેશત

ભરૂચ, આમોદ: આમોદ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદે વિરામ લેતા ખેડૂતોની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. ચોમાસાની શરૂઆતમાં સારો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, હવે વરસાદ ખેંચાતા ખેતરોમાં ઊભો પાક સુકાઈ જવાની ભીતિ સર્જાઈ છે.

ખેડૂતોએ મોંઘા બિયારણ, ખાતર તથા દવાઓનો ખર્ચ કરીને ખેતરોમાં વિવિધ પાકનું વાવેતર કર્યું હતું. જમીનમાં ભેજનું પ્રમાણ ઘટતાં પાકને પૂરતું પાણી ન મળવાની સ્થિતિ સર્જાઈ રહી છે. ખેતરમાં લહેરાતો ઊભો પાક હાલ વરસાદની રાહ જોઈ રહ્યો છે. ખાસ કરીને વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો માટે આ સ્થિતિ વધુ મુશ્કેલીજનક બની રહી છે. ખેડૂતોએ વાવેતર પહેલાં બિયારણ, ખાતર, દવા, મજૂરી સહિતનો વિવિધ ખર્ચ કર્યો છે. પાક તૈયાર થવાની આશા સાથે કરાયેલા આ ખર્ચ બાદ હવે વરસાદ ખેંચાતાં ખેડૂતો સામે પાક બચાવવાનો પડકાર ઊભો થયો છે.

એક તરફ ખેતીનો ખર્ચ સતત વધી રહ્યો છે, ત્યારે બીજી તરફ વરસાદની અનિશ્ચિતતાએ ખેડૂતોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ખેડૂતોનું કહેવું છે કે જો સમયસર વરસાદ નહીં પડે અને ઊભો પાક સુકાઈ જશે તો તેમની સમગ્ર મહેનત અને ખેતી પાછળ કરેલો ખર્ચ પાણીમાં જવાની સ્થિતિ સર્જાઈ શકે છે.

## વાવ ગામે કેમિકલ ભરેલો ટેમ્પો ગ્રામજનોએ અટકાવ્યો



ભરૂચ: વાગરાના વાવ ગામે BVC કંપનીમાંથી કેમિકલ ભરીને લઈ જવાતા ટેમ્પોને ગ્રામજનોએ રોકી વિરોધ નોંધાવ્યો હોવાની ઘટના સામે આવી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ ટેમ્પોમાં લઈ જવાતું કેમિકલ અત્યંત તીવ્ર દુર્ગંધ ધરાવતું હતું. જેના કારણે શ્વાસ લેવામાં પણ તકલીફ અનુભવાઈ હતી. ઘટનાને પગલે ગામમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે વાવ ગામમાંથી પસાર થતો માર્ગ મુખ્યત્વે ગ્રામજનો અને રાહદારીઓના ઉપયોગનો રસ્તો હોવા છતાં કંપનીઓનાં મોટાં અને ભારે વાહનોની અવરજવર સતત થઈ રહી છે. જેના કારણે નાનાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો તેમજ રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. ભારે વાહનોના નિયમન અંગે જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઊઠી છે.

## માતરમાં અકસ્માતના આરોપીને શોધવા 3 હજાર સીસીટીવી ફૂટેજની તપાસ

**દિલ્હી**-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર અકસ્માતમાં ત્રણનાં મોત થયાં હતાં

**પોલીસ** ટ્રકને ટ્રેસ કરતાં મોરબી સુધી પહોંચી, અંતે ફરાર ટ્રક ચાલક ઝડપાયો





આમોદ, ભરૂચ: આમોદના માતર ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર તાજેતરમાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયા બાદ અકસ્માત સર્જી ફરાર થયેલા ટ્રક ચાલકને શોધી કાઢવામાં આમોદ પોલીસને મોટી સફળતા મળી હતી. અકસ્માત બાદ ફરાર થયેલા ટ્રક અને તેના ચાલકને શોધવા માટે પોલીસે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી.

માતર નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર પાંચમી સપ્ટેમ્બરના રોજ સર્જાયેલા અકસ્માતમાં એક પરિવારને ગંભીર અકસ્માત નડ્યો હતો, જેમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો, જેમાં પોલીસે અકસ્માતના ઘટના સ્થળથી લઈને આસપાસના માર્ગો તથા ટ્રકની સંભવિત અવરજવરવાળા રૂટ પર આવેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ પોલીસ દ્વારા ચેક કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન પોલીસે આશરે ૩૦૦૦ જેટલાં સીસીટીવી ફૂટેજની તપાસ કરી હતી. ઉપરાંત માર્ગ પરથી પસાર થયેલી ૮ ઈલેક્ટ્રિક કારના ડેશબોર્ડ કેમેરાનાં ફૂટેજ પણ ચેક કર્યાં હતાં. આટલી મોટી સંખ્યામાં ફૂટેજનું બારીકાઈથી વિશ્લેષણ કર્યા બાદ પોલીસને ટ્રકની હિલચાલ અંગે મહત્ત્વની કડી મળી હતી, જેમાં ટ્રક કર્ણાટક પાસિંગની હોવાનું સામે આવતાં આમોદ પોલીસે તેની શોધખોળ તેજ કરી હતી. મળેલી માહિતીના આધારે પોલીસે ટ્રકને ટ્રેસ કરતાં મોરબી સુધી પહોંચી હતી. જ્યાંથી પોલીસે અકસ્માતમાં સંડોવાયેલી ટ્રકને શોધી કાઢી કબજામાં લીધી હતી અને તેના ચાલક મંજૂનાથ લક્ષ્મણ માસેટી (રહે.,બસરકોડ, તા.મુદ્દેબિહાલ, જિ.બીજાપુર, કર્ણાટક)ની અટકાયત કરી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## અંકલેશ્વરની કેશવ પાર્ક સોસાયટીમાંથી મોપેડ ચોરાઈ

**કડિયાકામ** કરતો યુવક મોપેડ પાર્ક કરી ગયો, પરત આવતાં બાઇક ગાયબ હતી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરની કેશવ પાર્ક સોસાયટીમાંથી કડિયાકામ કરવા ગયેલા ઈસમની મોપેડ અજાણ્યો ચોર ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અંકલેશ્વર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

અંકલેશ્વરમાં છેલ્લા થોડા સમયથી તસ્કરોએ આતંક મચાવ્યો છે. ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા મુરાદખાન સીલાવત કડિયાકામ કરે છે. તેઓ તેમની પત્નીના નામે નોંધાયેલી બ્લ્યુ કલરની હોન્ડા એક્ટિવા 5G (RTO નંબર GJ-16-CR-4052) લઈ કેશવ પાર્ક સોસાયટી ખાતે કડિયાકામ માટે ગયા હતા. સવારે આશરે 9 વાગ્યે તેમણે એક્ટિવા કામ કરી રહેલા મકાનની બહાર પાર્ક કરી હતી. બાદ સવારે આશરે 11:15 વાગ્યે કામકાજ દરમિયાન બહાર આવતાં મોપેડ પાર્ક કરેલી જગ્યાએ જોવા મળી નહોતી. જેથી તેમણે આસપાસના વિસ્તારમાં તેમજ અંકલેશ્વર બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન સહિતનાં સ્થળોએ શોધખોળ કરી હતી. જોકે, વાહનનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

ચોરી થયેલી હોન્ડા એક્ટિવાની અંદાજિત કિંમત રૂ.35 હજાર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ અંગે ઓનલાઈન ઈ-એફઆઈઆર અરજી કર્યા બાદ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી છે. અંકલેશ્વર પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી મોપેડની શોધખોળ સહિતની તપાસ હાથ ધરી છે.

## સિવાણમાં કડિયાકામ કરતાં શ્રમિકનું મોત

સાયણ: સાયણ નજીક સિવાણ ગામની સીમમાં આવેલી ઈન્ડસ્ટ્રિઝમાં કડિયાકામ કરતી વખતે શ્રમિક બીજા માળેથી નીચે પટકાયો હતો. જેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ શ્રમિક મૂળ મધ્યપ્રદેનો વતની હતો અને ઓલપાડમાં રહી કામ કરતો હતો. મૂળ મધ્યપ્રદેશના જાંબુઆનો વતની ૩૪ વર્ષીય મુકેશ બાબુ કટારા સિવાણ ગામની મારુતિ ટેક્ષો ઈન્ડસ્ટ્રીઝમાં કડિયાકામ કરતો હતો. ગત ૬ તારીખે બપોરે બીજા માળે પાલખ પર ઊભા રહી પ્લાસ્ટર કરતી વખતે તેઓ અચાનક નીચે પટકાયો હતો. ગંભીર ઈજા પહોંચતાં તેને તાત્કાલિક દેલાડની હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે સુરતના નાના વરાછાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન ૯ તારીખે મોડી રાત્રે તેનું મોત થયું હતું. મૃતકના પુત્ર સાવનસિંગે ઓલપાડ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ટેસ્ટ ડ્રાઈવના બહાને બાઈક લઈ ભાગી જનારો આરોપી ગાંધીનગરથી ઝડપાયો

**OLX** પર બાઈક વેચવાની જાહેરાત બની ચોરીનું સાધન



ભરૂચ: ઓનલાઈન વાહન વેચાણની વેબસાઈટ પરથી ટેસ્ટ ડ્રાઈવના નામે વાહન લઈને ફરાર થવાનો કિસ્સો સામે આવ્યો છે. OLX પર વેચાણ માટે મુકેલી સ્પોર્ટ્સ બાઈક ખરીદવાનો વિશ્વાસ આપી ટેસ્ટ ડ્રાઈવના બહાને બાઈક લઈ ફરાર થઈ જનાર આરોપીને ભરૂચ શહેર C ડિવિઝન પોલીસે ગાંધીનગરમાંથી દબોચી લીધો છે. પોલીસે આરોપી પાસેથી મોંઘીદાટ 2.30 લાખની કિંમતની કાવાસાકી નીન્જા-650 સ્પોર્ટ્સ બાઈક કબજે કરી લીધી છે.

ભરૂચના ભોલાવ વિસ્તારમાં રહેતા વૈશાખ્ય માધવન દ્વારા પોતાની Kawasaki કંપનીની Ninja-650 સ્પોર્ટ્સ બાઈક OLX પર વેચાણ માટે મુકવામાં આવી હતી. દરમિયાન ગાંધીનગરના પેથાપુરના પ્રેમપારસ દેવેન્દ્રકુમાર પટેલે બાઈક ખરીદવાની ઈચ્છા દર્શાવી હતી. આરોપીએ બાઈક ખરીદવાનો વિશ્વાસ આપી તેની ટેસ્ટ ડ્રાઈવ કરવા માટે બાઈક લીધી હતી. જોકે, ટેસ્ટ ડ્રાઈવના બહાને બાઈક લઈ ગયા બાદ પરત ન ફરતાં બાઈક માલિક સ્તબ્ધ થઈ ગયા હતા. આ મામલે ભરૂચ શહેર C ડિવિઝન પોલીસ સ્ટેશનમાં BNS કલમ 316(2) હેઠળ ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદ ભરૂચ શહેર C ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એન.આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે તપાસ કરી હતી. ટેક્નિકલ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસ ટીમે ગાંધીનગર ખાતે કાર્યવાહી કરી આરોપી પ્રેમપારસ પટેલને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રૂ.2.30 લાખની કિંમતની MH-12-MG-2303 નંબરની Kawasaki Ninja-650 સ્પોર્ટ્સ બાઈક કબજે કરી છે.

પોલીસ તપાસમાં આરોપી વિરુદ્ધ વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશનમાં વર્ષ-2025માં BNS કલમ 303(2) હેઠળનો ગુનો નોંધાયેલો હોવાનું પણ સામે આવ્યું છે.


Milano MULTIPLEX

બારડોલી

Haiwaan
10:00am, 12:00pm, 04:00pm, 09:00pm

Mirzapur : The Movie
11:00am, 02:00pm, 06:00pm, 10:00pm

Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


### જાહેર નોટીસ

અમો હિતેશ હરીલાલ ગાંધી, હાલ રહે.ભરૂચ, જણાવીએ છીએ કે, મારા પાસપોર્ટમાં મારા પત્નીનું નામ મિતા હિતેશકુમાર ગાંધી દર્શાવેલ છે પરંતુ મારા આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ, મેરેજ સર્ટીફીકેટ, આઇ.ડી.કાર્ડ તથા મારા સર્વીસના રેકર્ડમાં મારૂ નામ હિતેશ હરીલાલ ગાંધી છે અને મારી પત્ની મિતાના પાનકાર્ડ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાસપોર્ટમાં મિતા હિતેશ ગાંધી છે એટલે મારી પત્નીનું નામ **મિતા હિતેશ ગાંધી** મારા પાસપોર્ટમાં આવે તે હેતુથી આ જાહેર નોટીસ આપીએ છે.

તા.૧૦-૦૯-૨૦૨૬ સહી/-(હિતેશ હરીલાલ ગાંધી)

### માંડવી તાલુકા ખેતીપાકનું રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી લી., માંડવી

**વાર્ષિક સાધારણ સભાની જાહેર ખબર**

સ્નેહી સભાસદ ભાઈઓ તથા બહેનો,

આથી માંડવી તાલુકા ખેતીપાકનું રૂપાંતર અને વેચાણ કરનારી સહકારી મંડળી લી., માંડવીના વ્યક્તિ તથા મંડળીના સર્વે સભાસદ ભાઈ-બહેનોને જણાવવાનું કે, આપણી મંડળીની ૬૧મી (એકસઠમી) વાર્ષિક સાધારણ સભા નીચે મુજબના સ્થળ અને સમયે રાખવામાં આવી છે:

તારીખ: ૨૬-૦૯-૨૦૨૬, શનિવાર
સમય: બપોરે ૨:૩૦ કલાકે
સ્થળ: રાઈસમીલ, કૃષિ મંગલ હોલ, માંડવી

સર્વે સભાસદ ભાઈ-બહેનોએ આ અંગે નોંધ લઈ, નિયત સમયે સભામાં ઉપસ્થિત રહેવા નમ્ર વિનંતી છે.

લિ.

પ્રમુખ: નરપતસિંહ હરિસિંહ વાંસિયા
ઉપપ્રમુખ: રામુભાઈ નારણભાઈ પટેલ
મેનેજર: પ્રવિણસિંહ બહાદુરસિંહ મહિડા

### ટાઈટલ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું છે કે, નીચે પરિશિષ્ટમાં જણાવેલ મિલકતો હાલમાં અમારા એક અસીલ ઘનશ્યામ તુલસીરામ સોનીની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલી છે એવું જણાવીને તેઓએ મારી પાસેથી સદરહું મિલકતોના ટાઇટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરી છે અને તેઓએ એવું જણાવેલ કે મજકુર મિલકતોના અસલ દસ્તાવેજો/પેપર્સ પૈકી નીચે પરિશિષ્ટમાં જણાવેલ અસલ દસ્તાવેજો / પેપર્સ ગુમ થયેલ છે અને હાલ જડતા નથી. જેથી મજકુર ગુમ થયેલ દસ્તાવેજ/પેપર્સ/રજીસ્ટ્રેશનની રસીદ/પાવતી કોઈપણ વ્યકિત/સંસ્થા/બેંક વિગેરે પાસે હોય અથવા સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત/સંસ્થા /બેંક વિગેરે નો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો હોય તો તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી. આમ મજકુર મુદ્દત વિત્યેથી સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેવું માનીને અમો સદર મિલકતનો ટાઇટલ કલીયરન્સ અંગેનું સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ સદર મિલકત ઉપર બેંક/નાણાંકીય સંસ્થામાંથી લોન મેળવી મોર્ગેજ કરવાની કાર્યવાહી કરશે જેથી મજકુર અસીલનો મજકુર મિલકત ઉપર સંપુર્ણ માલિકી અને કબજો રહેશે તેમજ સદર બેંક/નાણાંકીય સંસ્થાનો સદર મિલકત ઉપર પ્રથમ બોજો/ચાર્જ રહેશે. ત્યારબાદ મજકુર મિલકત બાબતમાં કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, તેની સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ ગુમ થયેલ દસ્તાવેજ/પેપર્સની વિગત**

| અ.નં. | મિલકતની વિગત અને ગુમ થયેલ દસ્તાવેજ/પેપર્સની વિગત |
|---|---|
| ૧. | ડિસ્ટ્રીકટ: સુરત, સબ-ડિસ્ટ્રીકટ મહુવાના મોજે ગામ: તરસાડીના સર્વે નં. ૧૨૫ + ૧૨૬/૫ માં આવેલ સાંઈકૃપા ઉધોગનગર નામથી ઓળખાતી યોજનામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૫ પૈકી (૭/૧૨ મુજબ બ્લોક નં. ૧૨૫+૧૨૬/૫ પૈકી) ની જમીન જેનું ક્ષેત્રફળ ૯૨૫૭.૪૦ ચો.ફુટ યાને ૮૬૦.૩૨ ચો.મી. તથા માહે આવેલ રોડ રસ્તાની જગ્યા કે જે ૧૦૬૭.૦૦ ચો.ફુટ યાને ૯૯.૧૬ ચો.મી. મળી કુલ્લે ૧૦૩૨૪.૦૪ ચો.ફુટ યાને ૯૫૯.૪૮ ચો.મી. વાળી જમીન મિલકત<br>:: ગુમ થયેલ દસ્તાવેજની વિગત ::<br>મહેરબાન સબ-રજીસ્ટ્રાર મહુવાની કચેરીમાં તા. ૨૨/૦૬/૧૯૯૫ ના રોજ અનુક્રમ નંબર: ૧૨૨ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તેમજ તેની અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી |
| ૨. | ડિસ્ટ્રીકટ: સુરત, સબ-ડિસ્ટ્રીકટ મહુવાના મોજે ગામ: તરસાડીના સર્વે નં. ૧૨૫ + ૧૨૬/૫ માં આવેલ સાંઈકૃપા ઉધોગનગર નામથી ઓળખાતી યોજનામાં આવેલ પ્લોટો પૈકી ‘‘પ્લોટ નં. ૫ એ’’ (૭/૧૨ મુજબ બ્લોક નં. ૧૨૫+૧૨૬/૫ અ) ની જમીન જેનું ક્ષેત્રફળ ૫૪૦.૫૪ ચો.મી. છે જમીન મિલકત<br>:: ગુમ થયેલ દસ્તાવેજની વિગત ::<br>(૧) મહેરબાન સબ-રજીસ્ટ્રાર મહુવાની કચેરીમાં તા. ૨૦/૦૭/૧૯૯૪ ના રોજ અનુક્રમ નંબર: ૧૬૬ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ તેમજ તેની અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી<br>(૨) મહેરબાન સબ-રજીસ્ટ્રાર મહુવાની કચેરીમાં તા. ૧૫/૦૪/૨૦૧૦ ના રોજ અનુક્રમ નંબર: ૩૦૭ થી નોંધાયેલ અસલ દસ્તાવેજની સબ રજીસ્ટ્રાર સાહેબ દ્વારા આપવામાં આવેલ અસલ રજીસ્ટ્રેશનની રસીદ / પાવતી |

તા. ૧૧/૦૯/૨૦૨૬

**સુરેન્દ્ર ઔમપ્રકાશ સારસ્વત (એડવોકેટ)**

ઓ: એફ- ૬-૭, પહેલો માળ,ડી. જી. પોઇન્ટ, પર્વત પાટીયા, સુરત. મો. ૯૯૨૫૦૧૩૯૩૩